# નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
ઘ–૦ લીંક રોડ, ઈન્ફોસીટીની પાછળ ગાંધીનગર – ૩૮૨ ૦૦૭
ફોન નં. : (૦૭૯) ૨૩૨૬૫૦૦૦, ૨૩૨ ૪૦૭૭૧, ૨૩૨ ૪૦૮૩૨, ૨૩૨ ૪૦૮૩૪, ફેકસ : ૨૩૨ ૪૦૭૭૨
વેબ સાઈટ : **www.nift.ac.in/gandhinagar**

==========================================================

ટેન્ડર નંબર : એનઆઈએફટી/જીએન/એડમીન/ટેન્ડર/ભાડે વાહન/૧૦ તા. ૦૩–૦૩–૨૦૧૦

પ્રતિશ્રી,
________________________________
________________________________
________________________________

વિષય : વાહન ભાડે મેળવવા બાબત...

સંદર્ભ : અત્રેની ટેન્ડર નોટીસ તા. ૦૩–૦૩–૨૦૧૦

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, આ સંસ્થાને તાત્કાલીક અસરથી તા. ૩૧–૦૫–૨૦૧૧ સુધીના સમયગાળા માટે વાહનો ભાડે મેળવવાની જરૂરીયાત છે. આ માટે તા. ૧૯–૦૩–૨૦૧૦ ના રોજ બપોર ૪–૦૦ કલાક સુધીમાં સામેલ નમૂનામાં ભાવો ભરી તેમજ ઈ.એમ.ડી. તરીકેનો પે–ઓર્ડર/ ડી.ડી. સામેલ કરીને ઉપરોકત સરનામે પહોંચતું કરવા જણાવવામાં આવે છે. જમા થયેલ ટેન્ડરના ટેકનીકલ બીડના કવરો તે જ દિવસે બપોરે ૪–૩૦ કલાકે ખોલવામાં આવશે. આ માટે ટેન્ડરની શરતો આ સાથે સામેલ છે જે ધ્યાને લેવી.

રજીસ્ટ્રાર

# નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
ઘ–૦ લીંક રોડ, ઈન્ફોસીટીની પાછળ
ગાંધીનગર – ૩૮૨ ૦૦૭
ફોન નં. : (૦૭૯) ૨૩૨૬૫૦૦૦, ૨૩૨ ૪૦૭૭૧, ૨૩૨ ૪૦૮૩૨, ૨૩૨ ૪૦૮૩૪, ફેકસ : ૨૩૨ ૪૦૭૭૨
વેબ સાઈટ : **www.nift.ac.in/gandhinagar**

==============================================

## વાહનો ભાડે મેળવવા માટે ટેન્ડરની શરતો

૧. આ ટેન્ડર ભરવાની પાત્રતા નીચે મુજબની રહેશે.

અ. જો કોઈ વ્યકિત તા. ૦૧–૦૧–૨૦૦૯ પછીના ઉત્પાદન ધરાવતી હોય તેવી ઓછામાં ઓછી બે ટાટા ઈન્ડિકા (ડિઝલ) ગાડીની માલીકી હોય તો તે વ્યકિત વ્યકિતગત હેસીયતથી ટેન્ડર ભરી શકશે. આ વ્યકિત પોતાના વતી વ્યવહાર કરવા માટે જો કોઈ ત્રાહીત વ્યકિતને અધિકૃત કરવા માંગતી હોય તો આવી ત્રાહીત વ્યકિતની તરફેણમાં કાયદેસરનો અધિકાર પત્ર ટેન્ડરના ટેકનીકલ બીડ સાથે સામેલ કરવાનો રહેશે અને ટેન્ડરમાં માલીકે પોતે સહી કરવાની રહેશે.

બ. જો કોઈ ભાગીદારી પેઢી ટેન્ડર ભરવા માંગતી હોય તો પેઢીના ભાગીદારોનો ભાગીદારી દસ્તાવેજ તથા આ પેઢી ઘ્વારા જે વ્યકિતી તરફેણમાં કુલમુખત્યાર નામું રજૂ કરવામાં આવે તે દસ્તાવેજ પણ નોટરાઈઝડ કરાયેલ હોવો જરૂરી છે. તા. ૦૧–૦૧–૨૦૦૯ પછી ઉત્પાદીત થયેલ બે ટાટા ઈન્ડિકા ગાડીની માલીકી પેઢી / ભાગીદારોના નામે હોવી જરૂરી છે. આ કિસ્સામાં ટેન્ડરમાં પેઢી તરફથી જે વ્યકિતની તરફેણમાં કુલમુખત્યાર નામું આપવામાં આવેલ હોય તેની સહી જરૂરી છે અને જો કોઈ વ્યકિતની તરફેણમાં કુલમુખત્યાર નામું આપવામાં આવેલ ન હોય તો તમામ ભાગીદારો ઘ્વારા સહી કરવી જરૂરી છે.

ક. જો ટેન્ડર કંપની ઘ્વારા ભરવામાં આવે તો કંપની / કંપનીના મુખ્ય વહીવટી અધિકારીના નામે તા. ૦૧–૦૧–૨૦૦૯ પછી ઉત્પાદીત થયેલ બે ટાટા ઈન્ડિકા (ડિઝલ) ગાડીની માલીકી હોવી જરૂરી છે. કંપની ઘ્વારા ટેન્ડર ભરતી વખતે નોંધણીના દસ્તાવેજની નકલ સામેલ કરવી જરૂરી છે. આ કિસ્સામાં ટેન્ડરર તરીકે મુખ્ય અધિકારીની સહી હોવી જરૂરી છે.

૨. ટેન્ડરની વિગતો આ સાથે સામેલ કરવામાં આવેલ બે પત્રકમાં (ટેકનીકલ બીડ + ફાઈનાન્સીયલ બીડ) અલગ અલગ સીલ બંધ કવરમાં નીચે મુજબ ભરવાની રહેશે. ઉપરોકત બંને અલગ અલગ કવરો એક મુખ્ય કવરમાં કવર ઉપર મોટા અક્ષરોમાં "ભાડે વાહનો મેળવવા માટેનું ટેન્ડર" લખીને પ્રથમ પાના ઉપર દર્શાવેલ સરનામે તા. ૧૯/૦૩/૨૦૧૦, ૪.૦૦ કલાક પહેલાં પહોંચે તે રીતે મોકલવાના રહેશે.

અ. <u>ટેકનીકલ બીડ :</u> આ પત્રકમાં રજૂ કરાયેલ તથા તેની સાથે સામેલ કરાયેલ વિગતો ટેન્ડરની શરતો મુજબ જણાશે તો તે ટેન્ડરરનું ફાઈનાન્સીયલ બીડ ખોલવામાં આવશે. ટેકનીકલ બીડ સાથે નીચે મુજબની વિગતો રજૂ કરવાની રહેશે.

I) ટેન્ડર જો માલીકીના ધોરણે ભરવામાં આવેલ હોય અને માલીકે કોઈ વ્યકિતને અધિકૃત પ્રતિનિધિ નિયુકત કરેલ હોય તો અધિકાર પત્ર.

II) ટેન્ડર જો ભાગીદારી પેઢીના ધોરણે ભરવામાં આવેલ હોય તો નોટરાઈઝડ કરાયેલ ભાગીદારી દસ્તાવેજ, કુલમુખત્યાર નામા ની નકલો.

III) ટેન્ડર જો કંપની ધોરણે ભરવામાં આવેલ હોય તો કંપનીના બંધારણની નકલ તથા મુખ્ય વહીવટી અધિકારીને કંપનીના નિયામક મંડળ તરફથી આપવામાં આવેલ અધિકાર પત્ર ની નકલ.

IV) આવકવેરા કાયમી ખાતા નંબરની ફાળવણીનો પુરાવો દર્શાવતા પત્ર / પાન કાર્ડની નકલ.

V) ટાટા ઈન્ડિકા ગાડીની આર.સી. બુક તથા ફીટનેશ વેલીડીટી સર્ટીફિકેટની નકલ તથા વાહનના ઉતરાવવામાં આવેલ વીમા પોલીસીની નકલ. જે કિસ્સામાં ટેન્ડરર દ્વારા વાહનોની માલિકી ધરાવવામાં આવતી ન હોય અને ટેન્ડર ભરવા માંગતા હોય તેમણે રજીસ્ટ્રાર નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી ને ઉદ્દેશીને લેખિતમાં બાહેંધરી પત્ર આપવાનો રહેશે અને જો વાહન પૂરા પાડવાનો ઓર્ડર મળેતો દિન ૧૫ માં વાહનો પૂરા પાડવા બાહેંધરી આપવાની રહેશે.

VI) ટેન્ડરરના કોઈ કુંટુંબીજનો આ સંસ્થામાં નોકરી કરતા હોય તો તેની યાદી.

VII) ટેન્ડરર ઘ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં જે સંસ્થાના ઈજારા ધરાવેલ હોય તેની વિગતો તથા વર્ક ઓર્ડર / કરારની નકલો સામેલ કરવી.

VIII) આ ટેન્ડરની તમામ શરતો માન્ય છે તે અંગે સમંતિ આપવા માટે ટેન્ડરની શરતોની આ નકલની નીચે ટેન્ડરરે ઉપર દર્શાવ્યા મુજબ સહી / સિકકો કરીને સામેલ કરવાની રહેશે.

ઉપરોકત તમામ નકલો ટેન્ડર ભરનારે પ્રમાણિત કરેલ હોવી જરૂરી છે. તમામ નકલના મૂળ દસ્તાવેજ ટેન્ડર ખોલતી વખતે તથા સંસ્થાના અધિકારી ઘ્વારા માંગવામાં આવે ત્યારે ચકાસણી અર્થે રજૂ કરવાના રહેશે. ટેકનીકલ બીડની ચકાસણી બાદ યોગ્ય જણાશે તેવા કોન્ટ્રાકટરના જ ફાયનાન્સીયલ બીડ ગણત્રીમાં લેવામાં આવશે.

બ. ફાયનાન્સીયલ <u>બીડ</u> : આ પત્રકમાં ટેન્ડરરે તેના તરફથી દરખાસ્ત કરવામાં આવતાં ભાવો લખવાના રહેશે. અન્ય રીતે દરખાસ્ત થયેલ ભાવો ઘ્યાનમાં લેવામાં આવશે નહી. ટેન્ડરરને ચૂકવણું કરતી વખતે લોગબુકમાં સંસ્થાના અધિકારીની સહી સાથે નિદેષ્ઠ કરવામાં આવેલ કી.મી. નો આધાર લેવામાં આવશે. કી.મી. સંસ્થાની સૂચના મુજબ જે સ્થળ / કચેરી ખાતે ગાડી રજૂ કરવામાં આવશે ત્યાંથી તે દિવસની કામગીરીના અંતે જે સ્થળે ગાડી છૂટી કરવામાં આવશે ત્યાં સુધીના કી.મી. જ લોગબુકમાં લખવાના રહેશે.

૩. આ ટેન્ડર સંસ્થાની તા. ૩૧–૦૫–૨૦૧૧ સુધીની જરૂરીયાત માટે ટાટા ઈન્ડીકા, (નોન એ.સી.) વાહનનોની જરૂરીયાત માટે બહાર પાડવામાં આવેલ છે. માસીક ધોરણે લઘુત્તમ ૩૦૦૦ કી.મી. માટે વાહનો પુરા પાડવાના રહેશે.

૪. સંસ્થાની જરૂરીયાત ત્રણ વાહનો (ડિઝલ) માટેની છે. ટેન્ડરના ભાવો ધ્યાને લેવાયા બાદ કેટલી સંખ્યામાં વાહનો ભાડે લેવા તે અંગે સંસ્થા ધ્વારા નિર્ણય લેવામાં આવશે. આ વાહનોની સંખ્યામાં સંસ્થા જરૂરીયાત મુજબ ફેરફાર કરી શકશે. ઓછામાં ઓછા બે વાહનો સંસ્થા ભાડે લેશે.

૫. સંસ્થા ધ્વારા ભાડે મેળવવામાં આવેલ વાહનોનો સામાન્ય રીતે અમદાવાદ થી ગાંધીનગર અથવા ગાંધીનગર થી અમદાવાદ જવા–આવવા માટે ઉપયોગ કરવામાં આવશે. તેમ છતાં સંસ્થાની જરૂરીયાત ધ્યાને લઈ રાજય કે રાજય બહારના કોઈપણ સ્થળે વાહન મોકલવાનું રહેશે.

૬. મુસાફરી દરમ્યાન હાઈવે ટોલટેક્ષ તેમજ પાર્કીંગ ટેક્ષ તેમજ અન્ય રાજયના લાગુ પડતાં ટેક્ષ પ્રથમ કોન્ટ્રાકટરે ચૂકવવાના રહેશે અને ત્યારબાદ સંસ્થા ધ્વારા માસીક ધોરણે બીલ સાથે ચૂકવણું કરવામાં આવશે.

૭. કામગીરીનો સમય સામાન્ય રીતે દૈનિક ધોરણે મહત્તમ ૧૨ કલાકનો રહેશે અને સામાન્ય રીતે રવિવારના દિવસે અઠવાડિક રજા વાહનના નિભાવણી / મરામતની કામગીરી માટે આપવામાં આવશે. પરંતુ, જો કોઈ કારણસર અઠવાડિક રજા આપવામાં ન આવે તો કોન્ટ્રાકટર તે માટે કોઈ હકકદાવો કરી શકશે નહીં. ૧૨ કલાકથી વધુ અને રજાના દિવસે કરેલ કામગીરી માટે પ્રતિ કલાક રૂા.૧૪/– લેખે ઓવરટાઈમ આપવામાં આવશે. ઓવરટાઈમના સમયની ગણતરી ફરજના સ્થળેથી શરૂ કરવામાં આવશે. ફરજના સમય સુધી ગણવામાં આવશે.

૮. કોન્ટ્રાકટરે પોતે તેઓના વાહનમાં બળતણ પુરાવવાનું રહેશે, જરૂરી મરામત ખર્ચ, આર.ટી.ઓ. વેરા, ડ્રાઈવરના પગારભથ્થા, તથા વાહનના વીમા વિગેરેનું ખર્ચ કરવાનું રહેશે. વાહનનો સંપૂર્ણ વીમો (થર્ડ પાર્ટી વીમા સહિત) ઉતરાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૯. વાહન કોઈપણ સંજોગોમાં તા. ૦૧–૦૧–૨૦૦૯ ના રજીસ્ટ્રેશનથી જુનું હોવું ન જોઈએ. તે અદ્યતન સ્થિતિમાં હોવું જરૂરી છે.

૧૦. કોન્ટ્રાકટરે વાહનના ઉપયોગ માટે સંસ્થા ધ્વારા મંજુર કરવામાં આવે તે નમૂનામાં દૈનિક ધોરણે લોગબુક નીભાવવાની રહેશે અને તે આધારે જ મહિનો પુરો થયા બાદ કામકાજના ૧૦ દિવસમાં ચૂકવણું કરવામાં આવશે. લોગબુકમાં દરેક મુસાફરીની સ્વતંત્ર નોંધ નહીં કરવામાં આવે અને મુસાફરી કરનાર અધિકારીની સહી નહી મેળવવામાં આવે તો આ અંગેનું ચૂકવણું કરવામાં આવશે નહીં. અદ્યતન લોગબુક નીભાવવાની જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૧૧. ઈજારાના સમયગાળા દરમ્યાન ડિઝલના પ્રવર્તમાન ભાવ કરતાં એક સાથે ૫ % થી વધૂ પ્રમાણમાં વધારો / ઘટાડો થશે તો સંસ્થા ધ્વારા નીયત કરાયેલ નીચે મુજબના સુત્ર મુજબ ગણત્રી કરીને ઈજારાની શરૂઆતમાં મંજુર થયેલ ભાવમાં વધારો / ઘટાડો કરવામાં આવશે. જો ડિઝલના ભાવમાં

૫ % થી ઓછા પ્રમાણમાં વધારો / ઘટાડો થશે તો તેની મંજુર કરાયેલ ભાવોમાં અસર આપવામાં આવશે નહીં.

<u>ભાવમાં થયેલ વધારો / ઘટાડો</u>

વાહનની એવરેજ (૧૮ કી.મી.)

૧૨. સંસ્થા ઘ્વારા મૌખિક / લેખીતમાં વાહન પુરૂં પાડવાની સૂચના મળ્યાના ૩૦ મીનીટમાં વાહન પુરૂં પાડવામાં નહી આવે તો સંસ્થા પોતે અન્ય રીતે વાહનો પ્રાપ્ત કરશે અને તે માટે કોન્ટ્રાકટરની તરફેણમાં મંજુર કરાયેલ ભાવ કરતાં વધૂ ભાવ ચૂકવવાની ફરજ પડશે તો તે માટે વધારાની રકમ કોન્ટ્રાકટર પાસેથી વસૂલ કરવામાં આવશે અને સંસ્થાને યોગ્ય જણાય તેટલી રકમનો દંડ કરવામાં આવશે. અન્ય રીતે વાહન પ્રાપ્ત કરવા ઓર્ડર અપાઈ ગયેલ હશે તો તે ઓર્ડર રદ કરવામાં આવશે નહીં અને સંસ્થાને થયેલ નુકશાન વસૂલ કરવામાં આવશે. સમયસર વાહન પુરૂં પાડવાની બાબતમાં કોન્ટ્રાકટર ત્રણથી વધૂ વખત નિષ્ફળ જશે તો કોન્ટ્રાકટરનો ઈજારો રદ કરવા સુધીના પગલાં સંસ્થા લઈ શકશે. આ પરિસ્થિતિમાં સલામતી થાપણની રકમ સંસ્થા જપ્ત કરવાની કાર્યવાહી પણ કરી શકશે.

૧૩. કોન્ટ્રાકટરે સામાન્ય રીતે ટેન્ડરમાં દર્શાવેલ અને સંસ્થા ઘ્વારા મંજુર કરાયેલ નંબરનું વાહન પુરૂં પાડવાનું રહેશે. યાંત્રિક ખામીની પરિસ્થિતિમાં ખાસ સંજોગોમાં તે પ્રકારનું અન્ય નંબરનું વાહન પુરૂં પાડી શકશે. પરંતુ, આ વાહન કોઈપણ સંજોગોમાં તા. ૦૧–૦૧–૨૦૦૯ કે તે પહેલાંના સમયનું ઉત્પાદન ધરાવતું હોવું જોઈએ નહી. ચૂકવણાં વખતે આ અંગેના પુરાવા રજૂ કરાયા પછી ચૂકવણું કરવામાં આવશે. આવી પરિસ્થિતિ એક મહિનામાં એકથી વધૂ વખત ઉપસ્થિત થશે તો સંસ્થા ઉપર ક્રમાંક–૧૦ માં નિર્દેષ્ઠ કરેલ કાર્યવાહી કરી શકાશે. આ કારણોસર સલામતી થાપણ જપ્ત કરીને ટેન્ડર રદ કરવા સંસ્થાને અધિકાર રહેશે.

૧૪. સંસ્થા ઘ્વારા ટેન્ડરનો સંપૂર્ણ કે અંશતઃ પ્રમાણમાં સ્વીકાર કરવા અંગે નિર્ણય લેવામાં આવશે જે ટેન્ડરરને બંધનકર્તા રહેશે. સંસ્થાને યોગ્ય જણાય તો કોઈપણ નિર્ણય લીધા વગર ટેન્ડર રદ કરી શકાશે.

૧૫. ટેન્ડરની સાથે 'નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ફેશન ટેકનોલોજી' ની તરફેણમાં ગાંધીનગર / અમદાવાદની રાષ્ટ્રિયકૃત બેંક તેમજ એકસીસ બેંક / એચ.ડી.એફ.સી. બેન્ક / ડી.સી.બી. બેન્ક / કોટક મહેન્દ્ર બેન્ક / આઈ.ડી.બી.આઈ. બેન્ક ઉપરના રૂા. ૧૦,૦૦૦/– ના પે–ઓર્ડર / ડી.ડી. ટેન્ડર અનેસ્ટ મની ડોપોઝીટ તરીકે સામેલ કરવાના રહેશે. ઈ.એમ.ડી. વગરનું ટેન્ડર રદ ગણવામાં આવશે. ટેન્ડરમાં દરખાસ્ત કરાયેલ ભાવો ટેન્ડર ખોલ્યાથી ૯૦ દિવસ સુધી અમલમાં ગણાશે. જે પાર્ટીની તરફેણમાં કોન્ટ્રાકટ મંજુર કરવામાં આવે તેની તરફેણમાં હુકમ થયાથી અને તે પાર્ટી ઘ્વારા સલામતી થાપણ જમા કરાવ્યા પછી બાકીના ટેન્ડરરોની ઈ.એમ.ડી. પરત કરવામાં આવશે. જે કિસ્સામાં ટેન્ડરર દ્વારા વાહનની માલિકી રજુકરવામાં નહી આવી હોય તે ટેન્ડરરે આગળ મુદા નંબર ૨(અ) (V) માં જણાવ્યા મુજબનો બાહેંધરી પત્ર રજુ કરવાનો રહેશે અને તે કિસ્સામાં ટેન્ડર અર્નેસ્ટમની ડિપોઝીટ રુા ૨૦,૦૦૦/– જમા કરવાની રહેશે.

૧૬. જે ટેન્ડરરની તરફેણમાં ઈજારો સુપ્રત કરવામાં આવશે તેમણે જેટલાં વાહનો સંસ્થા ધ્વારા મંજુર કરવામાં આવે તેટલાં વાહન દીઠ રૂા. ૧૦,૦૦૦/– સલામતી થાપણ તરીકે હુકમ થયાથી દિન–૭ માં સંસ્થામાં જમા કરાવવાના રહેશે. જો એકજ વાહન મંજુર થશે તો ટેન્ડર સાથે સામેલ કરાયેલ ઈ.એમ.ડી. ની રકમનો સલામતી થાપણ તરીકે તબદીલ કરવામાં આવશે.જે કિસ્સામાં ટેન્ડરરે વાહન ખરીદવા અંગે બાહેંધરી પત્ર આપીને ટેન્ડર અર્નેસ્ટમની ડિપોઝીટ રૂા ૨૦,૦૦૦/–જમા કરાવી હશે તેમને ર્ઓડર આપવામાં આવશે તો આ પૂરી રકમ ટેન્ડર સિકયુરીટી ડિપોઝીટ તરીકે જમા કરાવામાં આવશે. ઓર્ડર આપ્યા બાદ દિન ૧૫ માં વાહનો પૂરા પાડવામાં નહી આવે તો ટેન્ડર અર્નેસ્ટમની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને ભવિષ્યની કામગીરી માટે આવા ટેન્ડરને કાળીયાદીમાં મૂકવામાં આવે છે.

૧૭. ઈ.એમ.ડી. / સલામતી થાપણની રકમ ઉપર કોઈપણ વ્યાજ ચૂકવવામાં આવશે નહી.

૧૮. સંસ્થા ધ્વારા સૂચવવામાં આવે તે રીતે કોન્ટ્રાકટરે વાહનનો ઉપયોગ કરવાનો રહેશે. એટલે કે, કોન્ટ્રાકટરની અનુકુળતા માટે ખાલી વાહન દોડાવવામાં આવે તો તે અંગે સંસ્થા ધ્વારા કોઈ ચૂકવણું કરવાનું રહેશે નહી.

૧૯. કોન્ટ્રાકટર ધ્વારા સંસ્થાના મુખ્ય દરવાજે ફરજ બજાવતાં સીકયુરીટી સ્ટાફ પાસે નીભાવવામાં આવતાં અલાયદા રજીસ્ટરમાં વાહન બહાર લઈ જતી વખતે તથા પરત આવતી વખતે તેની નોંધણી કરાવવાની રહેશે અને માઈલો–મીટરનું રીડીગ લખાવવાનું રહેશે.

૨૦. કોન્ટ્રાકટર ધ્વારા ડીઝલ ભરીને વાહન રજૂ કરવાનું રહેશે. બળતણ માટે ખાસ મુસાફરી કરવામાં આવશે તો તે માટે સંસ્થા ધ્વારા કોઈ ચૂકવણું કરવામાં આવશે નહી તેમજ મરામતની કામગીરી માટે પણ વિશેષ ફેરો મંજુર કરવામાં આવશે નહી.

૨૧. કોન્ટ્રાકટર ધ્વારા સંસ્થા તરફથી સલામતી હેતુસર નકકી કરવામાં આવતાં નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ લાગુ પડતા મજૂર કાયદાઓનું પાલન કરવાની જવાબદારી નીભાવવાની રહેશે. કોઈપણ કાયદાનું ઉલ્લંઘન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૨. કોન્ટ્રાકટર ધ્વારા કે તેના ધ્વારા રાખવામાં આવેલ ડ્રાઈવર ધ્વારા સંસ્થા કે સંસ્થાના અધિકારીઓ/ કર્મચારીઓને કોઈ નુકશાન થશે કે કોઈ ચોરી થશે તો તેની સઘળી જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે અને તેણે સંસ્થાને નુકશાન ભરપાઈ કરવાનું રહેશે.

૨૩. આ સંસ્થા ધ્વારા જે ઈજારો આપવામાં આવશે તેની મુદૃત પૂર્ણ થયા પહેલાં કોઈપણ કારણ આપ્યા વગર ઈજારાની મુદૃત એક મહિનાની લેખીત નોટીસથી પૂર્ણ કરી શકશે અને તે માટે કોન્ટ્રાકટર કોઈ પ્રકારનાં નુકશાન વળતરની માંગણી કરી શકશે નહી.

૨૪. સંસ્થા ધ્વારા આપવામાં આવેલ ઈજારાની મુદૃત પૂર્ણ થયા પહેલાં કોન્ટ્રાકટર પોતે કામગીરી અધવચ્ચેથી અટકાવશે તો તેની સલામતી થાપણ જપ્ત કરવામાં આવશે તથા ભવિષ્ય માટે તેને કાળીયાદીમાં મુકવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

૨૫. કોન્ટ્રાકટર ધ્વારા નિયુકત કરાયેલ ડ્રાઈવરોને સંસ્થાના પ્રતિનિધિ ધ્વારા જે સૂચના આપવામાં આવશે તે સૂચનાનું પાલન કરવાનું રહેશે. આ સૂચનાનું અમલીકરણ માટે ડ્રાઈવરે કોન્ટ્રાકટરની મંજુરી મેળવવા માટે સમય બગાડવાનો રહેશે નહીં.

૨૬. નિયુકત કરેલ ડ્રાઈવરો પાસે મોબાઈલ ફોનની સુવિધા હોવી જરૂરી છે.

૨૭. ઉપરોકત તમામ શરતો અમોએ વાંચી અને સમજી છે. તે અંગે બાંહેધરી આપીએ છીએ.

**(ટેન્ડરરની સહી તથા સિકકો)**

# નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
ઘ–૦ લીંક રોડ, ઈન્ફોસીટીની પાછળ
ગાંધીનગર – ૩૮૨ ૦૦૭
ફોન નં. : (૦૭૯) ૨૩૨૬૫૦૦૦,૨૩૨ ૪૦૭૭૧, ૨૩૨ ૪૦૮૩૨, ૨૩૨ ૪૦૮૩૪, ફેકસ : ૨૩૨ ૪૦૭૭૨
વેબ સાઈટ : **www.nift.ac.in/gandhinagar**

==========================================

## વાહનો ભાડે આપવા માટેના ટેન્ડરનું "ટેકનીકલ બીડ"

**(આ વિગતો અલાયદા બંધ કવરમાં આપવી.)**

૧. ટેન્ડરરનો પ્રકાર : (માલિકી / ભાગીદારી પેઢી / કંપની / સહકારી મંડળી)

૨. ટેન્ડરરનું નામ :

૩. ટેન્ડરરનું પુરૂં સરનામું :

૪. ટેન્ડરરના મુખ્ય વ્યકિતનું નામ તથા : (ઓ) ફેકસઃ
સંપર્ક નંબરો... (મો.) (ઘર)

## ટેન્ડરમાં દરખાસ્ત કરવામાં આવતાં ટાટા ઈન્ડિકા વાહનોની વિગતો :

| **અ.નં.** | **વાહનનો ઉત્પાદન વર્ષ** | **બળતણનો પ્રકાર** | **વાહન રજીસ્ટ્રેશન નંબર** | **વાહનના માલિકનું નામ** |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

નોંધ : ટેન્ડરની શરત ક્રમાંક–૨(અ) માં દર્શાવેલ વિગતો સામેલ કરવી જરૂરી છે.

તારીખ :

સ્થળ :

**ટેન્ડરરની સહી તથા સિકકો**

# નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફેશન ટેકનોલોજી

(વસ્ત્ર મંત્રાલય, ભારત સરકાર)
ઘ–૦ લીંક રોડ, ઈન્ફોસીટીની પાછળ
ગાંધીનગર – ૩૮૨ ૦૦૭
ફોન નં. : (૦૭૯) ૨૩૨૬૫૦૦૦,૨૩૨ ૪૦૭૭૧, ૨૩૨ ૪૦૮૩૨, ૨૩૨ ૪૦૮૩૪, ફેકસ : ૨૩૨ ૪૦૭૭૨
વેબ સાઈટ : **www.nift.ac.in/gandhinagar**

==================================================

## વાહનો ભાડે આપવા માટેનું "ફાઈનાન્સીયલ બીડ"

**(આ વિગતો અલાયદા બંધ કવરમાં આપવી.)**

૧. ટેન્ડરરનું નામ તથા પુરૂં સરનામું :

૨. ટેન્ડરના મુખ્ય વ્યકિતનું નામ તથા સંપર્ક નંબરો : (ઓ.) (ઘર ) ફેકસ : (મો.)

૩. ભાવની વિગત :

| **અ.નં.** | **બળતણનો પ્રકાર ડિઝલ** | **કામગીરીની વિગતો** | **ભાવ રૂા. પૈસા.** |
|---|---|---|---|
| ૧. | | ૧) માસીક લઘુત્તમ ૩૦૦૦ કી.મી. સુધી<br><br>૨) માસીક ૩૦૦૦ કી.મી. થી વધારાના પ્રતિ કિ.મી. ના ભાવ. | |

નોંધ : સર્વીસ ટેક્ષનું ચૂકવણું કાયદાની જોગવાઈ મુજબ પ્રર્વતમાન દરે કરવામાં આવશે તથા ચૂકવણામાંથી પ્રર્વતમાન દરે આવકવેરો કાયદા મુજબ કપાત કરવામાં આવશે.

તારીખ :

સ્થળ :

**(ટેન્ડરરની સહી તથા સિકકો)**